ટ્રસ્ટનું નામ:- કાર્નિવલ ઓફ હ્યુમાનીટી એજયુકેશન એન્ડ
ચેરીટેબલ ટ્રસ્ટ - વેરાવળ.

અરજદાર :- ઝાકીરહુસેન મહમદહુસેન સુમરા .

## -: હુકમ :-

૧. અરજદારશ્રીએ ઉપરોક્ત નામથી ટ્રસ્ટની નોંધણી કરવા સારૂ ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ ની કલમ-૧૮ અન્વયે આંક-૧ થી અરજી તા.૧૫/૦૫/૨૦૨૫ના રોજ રજુ કરવામાં આવેલ છે. જેમાં કલમ- ૧૯ મુજબની સાદી તપાસ છે. સદર નોંધણી અરજી સાદી અને બિનતકરારી હોઇ આ કામે એસેસરોનો અભિપ્રાય મેળવવામાં આવેલ નથી.

૨. રજુ નોંધણી અરજીના કામે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ અરજદાર તરફથી રજુ કરેલ છે.

આંક-૧ : નોંધણી અરજી
માર્ક-૧/૧: ટ્રસ્ટીના નામ, સરનામા તથા ફોન નં.ની યાદી
માર્ક-૧/૨: અનુગામી નીમવાની રીત
માર્ક-૧/૩: ઉદેશોની યાદી
આંક-૨ : ટ્રસ્ટડીડ
આંક-3 : સંયુકત સંમતીપત્ર
આંક-૩/૧: સુમરા ઝાકીરહુસેન મહમમદહુસેનના આધારકાર્ડની નકલ
આંક-૩/૨:શાહનવાઝ અબ્દુલગફાર ખાનજમાલના આધારકાર્ડની નકલ
આંક-૩/3: અન્સારી સાજિદ આબિદભાઇના આધારકાર્ડની નકલ
આંક-૪ :સુમરા ઝાકીરહુસેન મહમમદહુસેનનું સંમતી અંગેનું સોંગદનામું
આંક-૫ : અન્સારી સાજિદ આબિદભાઇનું સંમતી અંગેનું સોંગદનામું
આંક-૬ : શાહનવાઝ અબ્દુલગફાર ખાનજમાલનું સંમતી અંગેનં સોંગદનામું
આંક-૭ : અરજદારને પુર્તતા અંગે પાઠવેલ સુનાવણી નોટીસ
આંક-૮ : વિ.વ.શ્રી વી.કે.ધોળીયાના વકીલાતનામું
આંક-૯ : સુધારા પરવાનગી અરજી
આંક-૧૦ : દસ્તાવેજી પુરાવાલીસ્ટ
આંક-૧૦/૧ : લાઇટબીલની નકલ
આંક-૧૦/૨ : અરજદારનું સોંગદનામું

નકલ ફી રૂ.:-
મુકાબલ ફી રૂ.:-
...ર્ચ રૂ.:-
... રૂ.:-

નકલ કર્તા :-
મુકાબલ કર્તા :-

૩. રજુ નોંધણી અરજીના કામે નિર્ણય કરવા મુદ્દાઓ નીચે પ્રમાણે પ્રમાણે છે.

૧. ટ્રસ્ટ અસ્તિત્વમાં છે કે કેમ ? અને આવા ટ્રસ્ટ જાહેર ટ્રસ્ટ છે?

૨. અરજીમાં બતાવેલ મિલકત ટ્રસ્ટની મિલકત છે? અને તે જંગમ અને સ્થાવર મિલકતોની અંદાજીત કિંમત કેટલી છે ?

૩. ટ્રસ્ટની મિલકતનોપૂરેપુરો કે કોઇપણ મોટો ભાગ મારા અધિકાર ક્ષેત્રમાંઆવે છે કે કેમ ?

૪. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મેનેજરોના નામ અને સરનામા શું છે ?

૫. ટ્રસ્ટીપદ અને મેનેજરપદના ઉત્તરાધિકાર અંગેની પદ્ધતિ શું છે?

૬. ટ્રસ્ટનાં ઉદ્દેશોકયા છે ?

૭. ટ્રસ્ટની એકંદર સરેરાશ વાર્ષિક આવક અને ખર્ચ શું છે ?

૮. ટ્રસ્ટ ઊભું કરતા દસ્તાવેજોની વિગતો શું છે ?

૯. ટ્રસ્ટ ઊભું કરવા કે ટ્રસ્ટના પ્રારંભ અંગેના દસ્તાવેજો સિવાય બીજી વિગતો શું છે ?

૧૦. ટ્રસ્ટની આવકનાં સાધનો કયા છે ?

૧૧. ટ્રસ્ટની મિલકત પર કોઇપણ બોજો હોય તો તેની વિગત શું છે?

૧૨. ટ્રસ્ટને લગતી જો કોઇ યોજના હોય તો તેની વિગતો શું છે ?

૧૩. ટ્રસ્ટની મિલકતને લગતા માલિકીખતની અને જેમના કબજામાં હોય તે ટ્રસ્ટીના નામો અંગેની વિગતો શું છે ?

૧૪. અરજીમાં દર્શાવેલી વિગતો સાચી છે કે કેમ ?

૪. એસેસરોનોઅભિપ્રાયઆતપાસસાદીઅનેબિનતકરારીહોવાથી લીધેલનથી.

૫. ઊપરનાં મુદ્દાઓ અંગેમારો નિર્ણય નીચે મુજબ છે.

૧. હા.

૨. હા. નોંધણી અરજી આંક-૧ માં જણાવ્યા પ્રમાણે.

૩. હા.

૪. થી ૭. નોંધણી અરજી આંક-૧ માં જણાવ્યા પ્રમાણે.

૮. ટ્રસ્ટ સર્જન અંગેનાં દસ્તાવેજો રજુકરેલ છે.

૯. થી ૧૩. નોંધણી અરજી આંક-૧ માં જણાવ્યા પ્રમાણે.

૧૪. હા.

૬. મારા ઉપરોકત નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

અરજદારે આંક ૧ નીઅરજીના આધારે આટ્રસ્ટને સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધણી કરવા માટે અરજી કરેલ છે. આ અરજીના આધારે ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટના અધિનિયમ-૧૯૫૦ની કલમ-૧૯ હેઠળ તપાસ શરૂ કરવામાં આવેલી. આ તપાસ સાદી અને બિનતકરારી છે. આથી આ તપાસનો નિર્ણય લેવા માટે એસેસરોને હાજર રાખેલ નથી. આ ટ્રસ્ટની માલકીની સ્થાવર મિલકત નથી. ઉપરોકત આંક-૧ ની અરજી તથા તેની સાથે રજુ કરેલ પુરાવા ધ્યાનમાં લેતાંટ્રસ્ટની મિલકત હેતુઓ તથા આવકના સાધનો જોતાં,ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટોનાં અધિનિયમ-૧૯૫૦ ની કલમ-૨(૧૩) અન્વયે સાર્વજનિક ટ્રસ્ટ છે.જેથી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓના નામ-સરનામા, અનુગામી ટ્રસ્ટી અથવા મેનેજર નીમવાની રીત તથા ટ્રસ્ટનાં હેતુઓ, ટ્રસ્ટની મિલકતો તથા અન્ય બાકીનાં મુદ્દાઓનાં આપેલ નિર્ણય મુજબ સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધણી કરવી કાયદેસર, યોગ્ય અને આવશ્યક છેઅને તે અંગે હું મારો હુકમ નીચે મુજબ કરૂં છું.

**-: હુકમ :-**

અરજદારની નોંધણી અરજી નં.30/૨૦૨૫ને આથી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર ટ્રસ્ટને ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ની કલમ.૨(૧૩) અન્વયે સાર્વજનિક ટ્રસ્ટ તરીકે જાહેર કરવામાં આવે છે અને તેની મિલકતો સાથે ગીર સોમનાથ પ્રદેશનાં "ઇ" વર્ગમાં નોંધવાનો હુકમ કરવામાં આવે છે. આ ટ્રસ્ટનાં નેજા હેઠળ કોઇ ધંધાકીય પ્રવૃતિ કરવી નહીં. ટ્રસ્ટીઓનાં નામ-સરનામા દાખલ કરવા, પરંતુ હોદ્દાઓ દાખલ કરવા નહીં.

આ હુકમની સંપુર્ણ પ્રત અરજદાર તથા કાયદા વિભાગને રજી.એડી.થી મોકલી આપવી .

સ્થળ :ગીર સોમનાથ.

તા.30/07/૨૦૨૫

(ગૌરવકુમાર જે.મહેતા)
ઇ/ચા.મદદનીશ ચેરિટી કમિશનર
ગીર સોમનાથ, પ્રદેશ-વેરાવળ

...ખલો આપવામાં આવે છે કે
... ખરી છે. તા.૨૧/ /૨૦૨૫
અધિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
ગીર સોમનાથ

મદદનીશ ચેરિટી કમિશનર * ગીર સોમનાથ પ્રદેશ. ગીર. સોમનાથ
સત્યમેવ જયતે